## ખંભીસર અનુ.જાતિ વરઘોડાનો વિવાદ

# પીડિત પરિવારની મહિલાની ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને પીએસઆઈ ચાવડા સામે ફરિયાદ નોંધવા માંગ

મોડાસા, તા. ૧૪

મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં આઝાદીના આટલા વર્ષો પછી પણ એક પણ અનુસૂચિત જાતિના વ્યકિતનો ઘોડા ઉપર વરઘોડો નીકળ્યો નથી. ત્યારે ગામના ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડના પુત્ર જયેશના રવિવારે લગ્ન હોવાથી પોલીસ રક્ષણ સાથે ગામમાં ડીજે સાથે વરઘોડો નીકળ્યો હતો. જાહેરમાર્ગ પર ગામની મહિલાઓએ ભજન-કીર્તન કરી વરઘોડાને અટકાવતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે હોવા છતાં જાહેરમાર્ગ પરથી મહિલાઓને હટાવવામાં નિષ્ફળ રહેતા બંને જૂથ સામસામે આવી ગયા હતા અને ત્યારબાદ બંને જૂથ વચ્ચે ઘર્ષણ સર્જાવાની સાથે પથ્થરમારામાં બંને જૂથના કેટલાક લોકો અને પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

મહિલા ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને પીએસઆઈ ચાવડા દલિત સમાજને રક્ષણ આપવાના બદલે તેમની સાથે અભદ્ર શબ્દ પ્રયોગ કરી ધમકાવતા અને બંને મહિલા અધિકારીની શંકાસ્પદ કામગીરી હોવાના આક્ષેપ સાથે મંગળવારે મોટી સંખ્યામાં અનુ.જાતિના અગ્રણીઓ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પહોંચી ફરિયાદ નોંધવાની માંગ સાથે ફરિયાદ નોંધવા પહોંચતા અને ફરિયાદ નોંધવામાં ઠાગાઠૈયા કરતા પોલીસતંત્ર અને સરકાર વિરુદ્ધ નારેબાજી કરતા વાતાવરણ ગરમાયુ હતું.





ખંભીસર ગામના અનુ.જાતિના યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડનો વરઘોડામાં વિઘ્ન સર્જનાર પટેલ સમાજના કેટલાક લોકો સાથે ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ ચાવડા કાયદાનું રક્ષણ કરવાના બદલે અનુ.જાતિ સમાજના વડીલો, મહિલાઓ અને યુવકને જાતિગત માનસિકતાના આક્ષેપ સાથે બંને મહિલા અધિકારીના ગેરવર્તણૂકના વિડિઓ સાથે ફરિયાદ નોંધવા અનુ. જાતિના અગ્રણીઓ અને યુવકોના ટોળેટોળા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવવા મક્કમ બનતા પોલીસતંત્ર માટે કપરા ચઢાણ દેખાતા ફરિયાદ લેવામાં આનાકાની કરતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. કેટલાક દલિત અગેવાનોએતો પીડિત યુવક કે પરિવારજનો ફરિયાદ નહિ નોધાવે તો જાતે ફરિયાદી બનશે તેવું જણાવતા આગામી સમયમાં આ મામલો વધુ પેચીદો બને તો નવાઈ નહિ..! પ્રાપ્ત માહિતી મુજબ અનુ.જાતિ સમાજના આગેવાનો અને પાટીદાર સમાજના આગેવાનો સમાધાન માટે પ્રયત્ન કરી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# ખંભીસર ગામે દલિત યુવકના વરઘોડામાં ઘર્ષણના ૨૪ કલાક પછી પોલીસ જાતે ફરિયાદી બની

## ચાર શખ્સ અને ૩૦૦ના ટોળા સામે ફરિયાદ

મોડાસા, તા. ૧૪

મોડાસા તાલુકાના ખંભીસર ગામના જયેશ ડાહ્યાભાઈ રાઠોડ નામના દલિત યુવકના વરઘોડામાં ગામના પટેલ સમાજના માણસોએ વિરોધ કરવાના ઈરાદે અને મહિલાઓએ જાહેરમાર્ગ પર બેસી ભજન-કીર્તન કરતા દલિત યુવકનો વરઘોડો અટવાઈ ગયા પછી પોલીસતંત્રની નિષ્ફળતાના પગલે બંને ટોળા આમને-સામને આવી જતા ઘર્ષણ પેદા થયા પછી બે જૂથ વચ્ચે પથ્થરમારો થતા ગુસ્સે ભરાયેલા ટોળાએ પોલીસ અધિકારી અને કર્મચારીઓને નિશાન બનાવી મારી નાખવાના ઈરાદે અણીદાર પથ્થરો વડે ઘા કરતા અને સરકારી વાહનોમાં તોડફોડ કરતા ભારે ચકચાર મચી હતી. સમગ્ર બનાવને ૨૪ કલાક જેટલા સમય પછી પોલીસ જાતે ફરિયાદી બની હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૪ શખ્સો સહીત ૩૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.




ખંભીસર ગામે દલિત સમાજના જયેશ ડાહ્યાભાઈ રાઠોડના લગ્નનો વરઘોડો ગામમાં નીકળતા પટેલ સમાજના માણસોએ વિરોધ કરવાના ઈરાદે રસ્તામાં હવન કુંડ બનાવી ભજન કીર્તન કરાવી વરઘોડામાં અડચણ પેદા કરતા બંને પક્ષો સામસામે આવી જઈ વૈમનષ્ય પેદા કરી સૂત્રોચ્ચાર કરી બંને સમાજના ટોળાએ ફરજપર હાજર અધિકારી કર્મચારીઓને ટાર્ગેટ કરી પોલીસને મારી નાખવાના ઈરાદે પોલીસ પર અણીદાર પથ્થરો તાકીને મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરી તથા મૂઢ માર મારી પોલીસની ફરજમાં રુકાવટ કરી વાહનોમાં તોડફોડ કરતા ઘટનાના ૨૪ કલાક જેટલા સમય પછી મોડાસા રૂરલ પોલીસે સુરસિંહ રતનસિંહ (બ.નં-૪૫૮) નોકરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની ફરિયાદના આધારે હસમુખભાઈ સકસેના, રહે, બદરપુરા તા.બાયડ, વિજયભાઈ મોંઘાભાઈ રાઠોડ, રહે.ખંભીસર, ભાવેશભાઈ દેવકરણભાઈ પટેલ અને હસમુખભાઈ પસાભાઈ પટેલ બંને રહે, ખંભીસર અને બસોથી ત્રણસો માણસના ટોળા વિરુદ્ધ ઈપીકો કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૧૫૨, ૧૫૩,(એ), ૨૯૫ (એ), ૩૩૨, ૩૩૩, ૩૨૬, ૧૮૬, ૩૩૭, ૫૫૩ તથા પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



# ખંભીસર ગામે દલિત યુવકના વરઘોડામાં દલિત યુવકો પર દમનનો વધુ એક વિડિઓ વાઈરલ

મોડાસા, તા. ૧૪

મોડાસા તાલુકાના ખંભીસર ગામે રવિવારે સાંજે નીકળેલ દલિત યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડના પુત્રના વરઘોડામાં ગામના અસામાજિક તત્વો વિઘ્ન ન સર્જે તે માટે પોલીસ રક્ષણની માંગ કરતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ફાળવેલ પોલીસ કાફલામાં મહિલા ડીવાયએસપી સહીત ૨ મહિલા પીએસઆઈ સમાવેશ થતો હતો. વરઘોડામાં ગામની મહિલાઓએ જાહેરમાર્ગ પર ભજન-કીર્તન કરી વરઘોડો અટકાવતા સર્જાયેલા ઘર્ષણમાં દલિત સમાજે રક્ષણ માટે માંગેલ પોલીસ બંદોબસ્ત તેમના માટે જ આફતરૂપ બની હોય તેવા દ્રશ્યોથી દલિત સમાજના લોકો અચંબિત બન્યા હતા. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ ચાવડાએ પણ દલિત સમાજના યુવકો સામે બળ પ્રયોગ કરી ધમકાવતો વિડિઓ વાઈરલ થતા પોલીસતંત્રની કામગીરી ખુદ શંકાના દાયરામાં આવી ગઈ છે.



ખંભીસર દલિત યુવકના વરઘોડામાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલનો દલિત સમાજના લોકોને અપશબ્દો બોલતો અને ધમકાવતો વિડિઓ વાઈરલ થયા પછી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચાવડા (મહિલા)નો દલિત સમાજના યુવકો અને અગ્રણીઓ સામે વાત કરતા અચાનક ઉશ્કેરાઈ જઈ ફેટ પકડી ધમકાવતા અને ફેટ પકડવાનો પ્રયત્ન કરતા પોલીસકર્મીઓ અને દલિત અગ્રણીઓએ વચ્ચે પડી યુવકને બચાવ્યો હતો. આ ઘટનાનો વિડિઓ વાઈરલ થતા દલિત સમાજમાં પોલીસતંત્રની દમનકારી નીતિ સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

દલિત સમાજના યુવકોના જણાવ્યા અનુસાર કાયદાનું રક્ષણ કરવાના બદલે ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચાવડા વરઘોડો શરુ થયા પહેલા પણ દલિત સમાજના યુવકોને ધમકાવ્યા હતા અને છેલ્લે તો દલિત સમાજના લોકો સાથે ગરદન પકડી જમીન પર પટક્યા હોવાનો આક્ષેપ કરી બંને મહિલા અધિકારીઓ જાતિવાદી માનસિકતા ધરાવતા હોવાનો આક્ષેપ કરી બંને મહિલા અધિકારી અને જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવેની માંગ કરી હતી.

## જૂનાગઢમાં મિડીયા પર થયેલ હુમલામાં પોલીસ દમનનાં

# મીડિયા સામેના હુમલાના વિરોધમાં ધાનેરા પત્રકારોએ મામલતદારને આવેદનપત્ર આપ્યુ

જૂનાગઢ ખાતે કવરેજ કરવા ગયેલ બે મીડિયાકર્મી પર પોલીસ કર્મચારીઓએ કરેલા હુમલા બાબતે બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના પત્રકાર મિત્રો દ્વારા ધાનેરા મામલતદાર ને આવેદન પાઠવ્વામાં આવ્યું હતું. પત્રકારો પર બેફામ લાઠી ચાર્જ કરનાર પી.એસ.આઈ અને કોન્સ્ટેબલોને ડિસ મિસ કરવા માટે આવેદન સાથે રજુઆત કરવામાં આવી હતી.. તે ઉપરાંત ધાનેરા પી.આઈ. સોલંકી વિરુદ્ધ પણ ધાનેરાના પત્રકારો દારા મામલતદારને રજુઆત કરવામાં આવી હતી, જ્યારથી ધાનેરામાં પી.આઈ. સોલંકીએ જ્યારથી ચાર્જ લીધો છે ત્યારે થી ધાનેરામાં ચોરીઓ સહિત ક્રાઈમ ના ગુનાઓમાં પણ સતત વધારો થયો છે, તે ઉપરાંત પી.આઈ. સોલંકી દારા શહેરના લોકો તેમજ પત્રકારો સાથે અનેક વાર અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા હોવાનું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે, દિન પ્રતિ દિન પોલીસ ની છાપ ખરડાઈ છે લોકોનો પોલીસ પરથી ભરોસો ઉઠી રહ્યો છે, બનાસકાંઠા જિલ્લામાં બેફામ વર્તન કરતા કેટલાક પોલીસ કર્મચારીઓ સામે પગલાં ભરવા ધાનેરાના પત્રકારો દારા ધાનેરા મામલતદારને મૌખિક રજુઆત કરવામાં આવી હતી.



# તલોદમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૧૪

વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે તાલુકા હેલ્થ ઓફિસ, તલોદ ખાતે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં વિવિધ તબીબી અધિકારીઓને ઉપસ્થિત રહી મચ્છરજન્ય રોગચાળા અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

તા. ૧૬-૫-૧૯ના રોજ આવનાર વિશ્વ ડેન્ગ્યુ દિન અન્વયે તલોદ તાલુકાના તમામ પ્રા.આ. કેન્દ્ર પર મુ. જિલ્લા આરોગ્ય અધિકારી સાબરકાંઠાના સીધા માર્ગદર્શન હેઠળ, તલોદ તાલુકાના પ્રા.આ. કેન્દ્રો અણીયોડ, આંત્રોલી, ખેરોલ, પુંસરી અને રોઝડ પર ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે ગ્રુપ મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

તાલુકા હેલ્થ ઓફિસ-તલોદના સભાખંડમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે ૧૪મી મે ના રોજ એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેમીનારમાં મેડીકલ ઓફિસર, આયુષ મે.ઓ., તાલુકા હેલ્થ ઓફિસનો સ્ટાફ, મ.પ.વ., સુપરવાઈઝરો હાજર રહ્યા હતા. આ સેમીનારમાં ડૉ. વિ.જે. મુંગડ, તાલુકા હેલ્થ ઓફિસરે મેલેરીયા, ચિકન ગુનિયા, ડેન્ગ્યુના રોગ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ પ્રા.આ. આ.કે.ના મેડીકલ ઓફિસરોએ ડેન્ગ્યુ મેલેરીયા લક્ષણો, નાબુદ કરવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમીનારનું સંચાલન ટી.આઈ.ઈ.સી.ઓ., ટી.એચ.એસ.એ કર્યું હતું.

# હિંમતનગર ખાતે સમરસતા બની રહે તે માટે બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે સમરસતાને સાબરકાંઠા જિલ્લો અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી દલિત સમાજના લગ્ન-પ્રસંગના વરઘોડાઓને લઈને આઝાદીના વર્ષો બાદ પણ દલિત સમાજના વરઘોડાઓનો જિલ્લામાં કેટલીક જગ્યાએ વિરોધ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા પોલીસ અધિક્ષક ચેતન્ય રવિન્દ્ર મંડલીક દ્વારા સાબરકાંઠાના દરેક સમાજ વચ્ચે સમરસતા બની રહે માટેનું મિટિંગનું આયોજન જિલ્લા તાલીમ કેન્દ્રના વિશાલ હોલમાં ગાંધીનગર રેન્જ આઈજી મયંક ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં જિલ્લામાંથી દરેક સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને દરેક સમાજ વચ્ચે ભાઈચારો બની રહે તે માટેની ચર્ચાઓ થઈ હતી. જિલ્લામાં દરેક સમાજ વચ્ચે સમરસતા બની રહે તે વિશે વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી.



લઈને સાબરકાંઠા એસપી દ્વારા એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો રેન્જ આઈજી મયુર ચાવડાના અધ્યક્ષસ્થાને મીટીંગ યોજાઈ હતી. દરેક સમાજના લોકો વચ્ચે સમજતા બની રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

# પાલનપુર એરોમા સર્કલથી મુસાફરને કારમાં બેસાડી પાકીટ સેરવી લીધુ

પાલનપુર- ડીસા હાઈવે ઉપર વાહનમાં બેસાડ્યા બાદ મુસાફરો પાસેથી નાણાં ભરેલા પાકીટ સહિતની ચીજવસ્તુઓ સેરવી લેતી ટોળકી સક્રિય થઈ છે. જ્યાં વાવ તાલુકાના માડકા ગામના મુસાફરને કારમાં બેસાડી રૂપિયા ૨૦ હજાર સહિત અગત્યના ડોક્યુમેન્ટ ભરેલા પાકીટ સેરવી લેવાની ઘટના બહાર આવી છે. આ અંગે યુવકે પાલનપુર અને વાવ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ડીસા- ભીલડી હાઈવે ઉપર ટ્રકો ઉપરથી તાટપત્રી કાપી અંદરથી ચોખાના કટ્ટાઓની ચોરી કરતી ગેંગ, આ ઉપરાંત પાલનપુર- ડીસા હાઈવે ઉપર વાહનમાં બેસાડી મુસાફરોના પાકીટ સેરવી લેતી ટોળકી સક્રિય છે. અને વારંવાર આ શખ્સો ઘટનાને અંજામ આપી રહ્યા છે. જ્યાં વાવ તાલુકાના માડકા ગામના મુસાફરને કારમાં બેસાડી રૂપિયા ૨૦ હજાર સહિત અગત્યના ડોક્યુમેન્ટ ભરેલા પાકીટ સેરવી લેવાની ઘટના બહાર આવી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ વાવ તાલુકાના વાસરડા ગામના નરપતભાઈ મલાભાઈ પરમાર અને તેમનો ભાણો વાવ તાલુકાના માડકા ગામના મુકેશભાઈ અગરાભાઈ પારેગી શુક્રવારે પાલનપુર એરોમા સર્કલથી ડીસા જવા માટે વાહનની રાહ જોઈને ઉભા હતા. તે સમયે સિલ્વર કલરની ઈનોવા કાર આવી હતી. જેમાં બંને ડીસા જવા માટે બેઠા હતા. અને થોડેક આગળ ગયા બાદ બીજા બે શખ્સો વચ્ચેની સીટમાં બેઠા હતા. જેમણે નરપતભાઈને તમે થોડા ઉભા થાઓ બેસવામાં સેટ થતું નથી. તેમ કહેતા નરપતભાઈ સીટ ઉપર ઉભા થયા અને પાછા બેઠા હતા. જ્યાંથી થોડેક દૂર ગયા બાદ વાહન ચાલકે બંનેને નીચે ઉતારી દીધા હતા. જે બાદ તપાસ કરતાં નરપતભાઈ પાસે રહેલું પાકીટ ગૂમ હતુ. જેમાં રૂપિયા ૨૦,૪૩૦ તેમજ આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, લાઈટબીલ, લાયસન્સ હતા. જે ઈનોવામાં બેઠેલા અજાણ્યા શખ્સોએ સેરવી લીધુ હતુ. આ અંગે મુકેશભાઈએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે અરજી કરતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# પાલનપુર તાલુકાના રણાવાસ ગામનું બસ સ્ટેન્ડ બન્યું પાર્કિંગ ઝોન

## તાલુકામાં સંખ્યાબંધ બસ સ્ટેન્ડ ભંગાર હાલતમાં

પાલનપુર

પાલનપુર તાલુકામાં કેટલાક એસ.ટી પીકઅપ સ્ટેન્ડ કે જે વર્ષો પહેલા બનાવવામાં આવ્યા હતા. તે ભંગાર હાલતમાં જોવા મળી રહ્યા છે. જેમાં પાલનપુર તાલુકાના રણાવાસ ગામમાં તો એક ડોક્ટર બસ સ્ટેન્ડને માલિકીનું સમજી લીધું હોય તેમ પોતાની ગાડી બસ સ્ટેન્ડની અંદર જ પાર્કિંગ કરી રહ્યો છે.



બનાસકાંઠા જિલ્લામાં એસટી તંત્ર દ્વારા તો ક્યાંક ધારાસભ્યો દ્વારા તેમની ગ્રાન્ટમાંથી એસટી બસ સ્ટેન્ડ ઊભા કરવામાં આવ્યા છે. તેમાં એસટી બસની રાહ જોવા માટે મુસાફરોને હેરાન ન થવું પડે અને ચોમાસાની ઋતુમાં વરસાદથી તેમજ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગરમીથી બચવા માટે આ બસ સ્ટેન્ડ બનાવવામાં આવે છે અને મુસાફરોને પણ બસની રાહ જોવા માટે અહીં બેસવાની સગવડ મળે તે હેતુસર બસસ્ટેન્ડ બનાવવામાં આવેલા છે. જોકે હાલમાં પાલનપુર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક ગામોમાં તો આ બસ સ્ટેન્ડને દુર્દશા જોવા મળી રહી છે.વાત કરીએ પાલનપુર તાલુકાના રણાવાસ ગામની તો રણાવાસ ગામમાં આવેલું વર્ષો જૂનું બસ સ્ટેન્ડ તો છેલ્લા ઘણા વર્ષોથી આ બસસ્ટેન્ડ આવેલું હોઈ હાલમાં જર્જરિત થઈ ગયું છે અને ગમે ત્યારે ધરાશાયી થઈ જાય તેવી પણ સંભાવના છે. જેની સમારકામની કોઈએ આજ સુધી દરકાર લીધી નથી. ત્યારે આવું તૂટેલુંફુટેલું બસ સ્ટેન્ડ પણ મુસાફરોને બેસવા માટે કામ લાગતું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગામમાં દવાખાનું ચલાવતા એક ડોક્ટર દ્વારા તેની ફોર વ્હીલર ગાડી આ બસ સ્ટેન્ડમાં જ પાર્ક કરી દેવામાં આવતી હોય બસસ્ટેન્ડમાં મુસાફરોને બેસવામાં ભારે અગવડતા પડી રહી છે. ત્યારે આ તો બસ સ્ટેન્ડ છે કે પાર્કિંગ ઝોન તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

# વડગામના રીક્ષાચાલકની હત્યા કરનાર આરોપીને પોલીસે કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી હાથ ધરી

વડગામ ના રીક્ષા ચાલક સુરેશ ભાઈ ની પત્ની ના પ્રેમીએ હત્યા કરી હતી અને આરોપી નરેશભાઈ કાન્તીભાઈ પરમાર રહે કોટડી વાળાને પાલનપુર એલ.સી.બી.અને વડગામ પોલીસને ગણતરી ના કલાકોમાં જ દબોચી લીધો હતો અને તપાસ હાથ ધરતાં આ ગુનામાં પ્રેમ સંબંધ કારણ ભુત હોય બંન્ને વચ્ચે સુરેશ આડ ખીલી રુપ બનતો હોય જેથી સુરેશ ની હત્યા કરાઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલતાં વડગામ પોલીસે નરેશભાઈ કાન્તીભાઈ પરમાર તેમજ મરણ જનાર યુવક ની પત્ની જશોદાને અટક કરીને બંન્ને આરોપી ને વડગામ કોર્ટમાં રજૂ કરીની તજવીજ હાથ ધરી છે અને બંને ને કોર્ટમાં રજૂ કર્યા બાદ તેની હત્યા કરી નાખી હતી અને ગણતરી ના કલાકોમાં પોલીસે તેમને જડપી લીધા હતા.



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ગામે મહાકાલી માતાજીના મંદિરે ૧૦મો પાટોત્સવ યોજાયો, જેમાં સવારે નવ વાગે નવચંડી યજ્ઞ પ્રારંભ થયો અને સાંજે પાંચ વાગે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ, ત્યારબાદ સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું હતુ. જેમાં સમગ્ર ગામ સમરસ ભેગા થઈ મહાપ્રસાદ લીધો અને આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ધીરૂભાઈ જાડેજા, પંકજભાઈ પટેલ, તેજાભાઈ વાણંદ અને સમગ્ર મહાપ્રસાદના દાતાઓનું આભાર વ્યક્ત કર્યો હતો અને મંદિરના પૂજારી કનુભાઈ જોષી દ્વારા મહાકાળી માતાજીને અલૌકિક શણગાર કરાયો હતો.

# પ્રાંતિજના ધડકણની મહિલા સાથે છુટાછેડાના કાગળો પર ખોટી રીતે સહીઓ કરાવી બીજા લગ્ન કર્યા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે મહિલાના પતિ દ્વારા વિદેશ જવાની ફાઈલ તૈયાર કરવાનુ કહીને છુટાછેડાના કાગળોમાં સહીઓ કરાવી દઈ બીજા લગ્ન કરી દેતા પત્ની દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પતિ સાસુ સસરા સહિત અન્ય બે મળી પાંચ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ધડકણ ખાતે રહેતી ફરીયાદી પરણિત મહિલા પટેલ જીગીશાબેન રવિકુમાર કે જેવોને પોતાના પતિ પટેલ રવિકુમાર હસમુખભાઈ, સસરા પટેલ હસમુખભાઈ મનહરભાઈ, સાસુ પટેલ સુભદ્રાબેન હસમુખભાઈ તથા પટેલ શ્વેતાંગીનીબેન પોપટભાઈ તથા પટેલ ભાર્ગવકુમાર બાબુલાલનાઓ સાથે મળી પહેલાથી જ ફરીયાદી બહેન જીગીશાબેનને સાથે રાખીને તા.૬-૨-૨૦૧૯ થી તા.૧૦-૫-૨૦૧૯ સમયગાળા દરમ્યાન કાવતરૂ રચી તેવોને વિશ્વાસમાં રાખી વિદેશ જવાની ફાઈલ તૈયાર કરવાનું કહી છુટાછેડાના કાગળો બનાવી ખોટી રીતે ફરીયાદી જીગીશાબેનની સહીઓ કરાવી લઈને છેટાછેડા આપી આરોપી પતિ દ્વારા તાત્કાલિક પટેલ સંગીતાબેન પોપટભાઈ સાથે રજિસ્ટ્રેશન મેરેજ કરી છુટાછેડા લીધા બાદ પણ તેના સાસુ સુભદ્રાબેન તથા સસરા હસમુખભાઈએ ફરીયાદીને આ વાતની જાણ કરી ન હતી. છુટાછેડા બાદ શરીર સુખ માણી આ કામના આરોપીઓ તેના સાસુ સસરા પણ જોડે રહીને ગુનાહિત કુત્યમાં સાથ સહકાર આપતા ફરીયાદી મહિલા જીગીશાબેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પાંચ વિરૂધ્ધ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૧૨૦(બી)૩૭૬, ૪૦૬ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસાઈ વી.એન. ચૌધરી દ્વારા કરવામાં આવી રહી છે.